ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૪.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૫ ટકા ● સાંજે ૮૩ ટકા

# ગુજરાત સેક્રેટરીએટ ટીમનું ગૌરવ

ગાંધીનગર, તા.૩



ગુજરાત સેક્રેટરીએટ ટીમે રાષ્ટ્રીય કક્ષાએ મહિલા વેટરન ટેબલ ટેનિસ સ્પર્ધામાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે. નવી દિલ્હી ખાતે અખિલ ભારતીય મુલ્કી સેવા ટેબલ ટેનિસ સ્પર્ધાનું આયોજન કરાયું હતું. જેમાં મહિલા વેટરન ડબલ્સ સ્પર્ધામાં ગુજરાત સચિવાલયની ટીમે બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. આ ટીમ વતી રમતા રાજયના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગમાં ફરજ બજાવતા અમી રાવલે તેમના પાર્ટનર મીનાક્ષી યાજ્ઞિક સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. રાષ્ટ્રીય કક્ષાએ યોજાતી આ સ્પર્ધાનું આયોજન કેન્દ્ર સરકારના મુલ્કી સેવા અને ક્રીડા સંસ્થાના ઉપક્રમે થાય છે અને આ સ્પર્ધામાં તમામ રાજયોના સચિવાલય તેમજ કેન્દ્ર સરકારની ટીમો પણ ભાગ લે છે.

# ગ્રામસેવા સંકુલ દ્વારા ગાંધી જયંતિએ પ્રભાત ફેરી કાઢી લોકજાગૃતિ કરાઈ




મહાત્મા ગાંધી સ્થાપિત ગુજરાત વિદ્યાપીઠના ગ્રામસેવા સંકુલ સાદરા દ્વારા ગાંધી જયંતિના દિવસે વહેલી સવારે પ્રભાતફેરી કાઢી લોકજાગૃતિ કરાઈ હતી. જેમાં વ્યસનમુકિત, ગ્રામસફાઈ, પાણી બચાવો, પર્યાવરણ બચાવો, વૃક્ષો વાવો, પ્લાસ્ટિક મુકત રસ્તાઓ, માસ્ક પહેરો, કોરોનાથી સાવધાન રહો જેવા સૂત્રોચ્ચારથી લોકજાગૃતિ કરી હતી. સંકુલના સંયોજક રમેશભાઈ પટેલના આયોજન મુજબે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતી દેવું, મોહનભાઈ પટેલ, સ્મીતા ગામીતના સહયોગથી વિદ્યાર્થીઓ દ્વારા સાચા અર્થમાં ગાંધી જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

# સંકુલ સાદરામાં રેંટિયા બારસે અખંડ કાંતણ હાથ ધરાયું

ગાંધીનગર, તા.૩



મહાત્મા ગાંધીનો તિથિ પ્રમાણેનો જન્મદિવસ ભાદરવા વદ બારસના રોજ ગણાતો હોવાથી રેંટિયાબારસની ઉજવણી ગાંધીવાદી સંસ્થાઓમાં ઉજવાતો હોય છે. ગુજરાત વિદ્યાપીઠ મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરામાં સવારે ૭.૦૦ થી સાંજના ૭.૦૦ વાગ્યા સુધી અખંડ કાંતણ સંયોજક રમેશભાઈ પટેલના આયોજન મુજબ હાથ ધરી સૌ સેવકોના સાથ સહકારથી અખંડ કાંતણ કરી રેંટિયા બારસની ઉજવણી કરી હતી.





ગાંધીનગર મહાનગરપાલિકામાં આ વખતે સમાવિષ્ટ પાલજ ગામમાં ઉલ્લાસભેર મતદાન થયું હતું. ગ્રામવાસીઓએ સવારથી જ મતદાન મથકો પર ભીડ જમાવી દીધી હતી.

# ગોકુળપુરામાં મહિલા મતદારોનો ઉત્સાહ



શહેરના વોર્ડ નં.૬માં સમાવિષ્ટ ગોકુલપુરા વિસ્તારમાં મતદાતાઓએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, ગોકુળપુરા ખાતેની સરકારી પ્રાથમિક શાળા ખાતે યોજાયેલા મતદાતાઓમાં મહિલા મતદાતાઓની સંખ્યા નોંધપાત્ર જોવા મળી હતી.



ગાંધીનગરના સેકટર-૨૯ ખાતે વંદેમાતરમ પાર્ક-૨ ખાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી જન્મજયંતિ નિમિત્તે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટીના કોમનપ્લોટમાં બાળકો અને યુવાનોએ સાથે મળીને ઉત્સાહપૂર્વક વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે બાળકોને વૃક્ષોનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. તથા બાળકોને ચોકલેટસ ખવડાવી તેમનું મ્હોં મીઠું કરાવાયું હતું.

# નેશનલ ઓલ્ડ પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટ દ્વારા બેઠક યોજાઈ



ગાંધીનગર, તા.૩

નેશનલ ઓલ્ડ પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટ દ્વારા રાજયકક્ષાના હોદ્દેદારોની બેઠક ગાંધીનગર ખાતે યોજાઈ હતી. જેમાં અલગ અલગ સંગઠનોના હોદ્દદારો અને સભ્યો જોડાયા હતા. આ બેઠકમાં નેશનલ ઓલ્ડ પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટના સ્ટેટ ચીફ કન્વીનર રવિન્દ્ર મહેતા, સ્ટેટ જનરલ સેક્રેટરી આશિષ કુહાડીયા અને નેશનલ ઓલ્ડ પેન્શન રીસ્ટોરેશન યુનાઈટેડ ફ્રન્ટની કોર ટીમ તથા રાજય કક્ષાના હોદ્દેદારો રાજયના જુદા જુદા જિલ્લાઓમાંથી ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ઉપસ્થિત તમામને પેન્શન સત્યાગ્રહી તરીકે શપથ લેવડાવ્યા હતા. પ્રમુખ પંકજભાઈ પ્રજાપતિના જણાવ્યાનુસાર સરકારી કર્મચારીઓ માટે પેન્શન એ અતિ મહત્વનો મુદ્દો છે. પેન્શન એ વૃધ્ધાવસ્થાની લાકડી સમાન છે. ગાંધીજયંતિના રોજ પેન્શન સત્યાગ્રહ શરૂ કર્યો છે. જેના અનુસંધાને રાજયના જિલ્લા તેમજ તાલુકા સ્તરે પ્રત્યેક એનપીએસ ધારક સુધી આ ચળવળનો પહોંચાડવાની કામગીરી કરવામાં આવશે. દરેક સરકારી કર્મચારીને આ ચળવળ બાબતે જાગૃત કરવામાં આવશે અને આ ચળવળમાં જોડવામાં આવશે.

# સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ગાંધી જયંતિની ઉજવણી

ગાંધીનગર, તા.૩

સેકટર-૨૮ સ્થિત સમર્પણ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની મૂલ્યપ્રવાહ સમિતિ દ્વારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મજયંતી પ્રસંગે 'ગાંધીસ્મૃતિ વંદના'નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમર્પણ કોલેજનાં વિદ્યાર્થીઓએ ગાંધીબાપુને પ્રિય તેવા ભજનો અને ગીતો દ્વારા બાપુને સ્વરાંજલી આપી હતી. સંસ્થાનાં આચાર્ય ડૉ. દીપકભાઈ પંડયાએ પ્રાસંગિક ઉદબોધનમાં એકવીસમી સદીમાં ગાંધી-વિચારની




પ્રસ્તુતતા વિષે વાત કરી. ડૉ. ઋચા બ્રહ્મભટ્ટે ખાદીનું મહત્વ જણાવતાં તેને જીવનમાં વણી લેવાનું આહવાન કર્યું. કાર્યક્રમનું સંચાલન પ્રો. જે. જી. ચૌહાણે કર્યું તથા ડૉ. અલ્પાબેન પટેલે સમગ્ર કાર્યક્રમનું સુચારૂ આયોજન કર્યું હતું. જેમાં ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



# ગુજરાત સાયન્સ સિટી ખાતે વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણી

ગાંધીનગર, તા.૩

વિવિધ શોધો, વૈજ્ઞાનિક અભિગમ, અને ટેક્નોલોજીની હરણફાળ સાથે માનવી નું જીવન બદલાઈ ગયું છે. માનવજીવનધોરણમાં થયેલ સુધારા અને બદલાવ માટે આપણે કુદરત અને તેની રચનાઓના પણ એટલા જ આભારી છીએ. ટેકનિકલ એડ્વાન્સમેંટ સાથે સરળ જીવન શૈલીનો આનંદ માણીએ છીયે ત્યારે પૃથ્વી પરના અન્ય જીવો પ્રત્યેની જવાબદારી અને અને સંવેદનશીલતા પણ જરૂરી છે. પૃથ્વી પર સહુ જીવોનો સમાન અધિકાર છે અને વાઈલ્ડ લાઈફ આપણા જીવસૃષ્ટિનો અભિન્ન અંગ છે, કુદરતની ભેટ છે. વાઈલ્ડ લાઈફ ઈકોસિસ્ટમને જોડતું મહતવનું પાસું છે.

જાહેર જાનતા અને ખાસ કરીનેભાવિ પેઢીમાં વાઈલ્ડ લાઈફના સંવર્ધન અને તેમના પ્રત્યે જવાબદારી ભર્યું વર્તન અંગે જાગૃતિ




લાવવા ગુજરાત સાયન્સ સિટી દ્વારા ૨ ઓક્ટોબર થી ૮ ઓકોટોબર દરમિયાન વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણી કરવામાં આવી રહી છે. વાઈલ્ડ લાઈફ ઉજવણીના પ્રથમ દિવસે જ ગુજરાત સાયન્સ સિટી ખાતે લોકો અને વિદ્યાર્થીઓનો ભારે ધસારો જોવા મળ્યો હતો. સાયન્સ સિટી ખાતે પ્લેનેટ અર્થનું બાયોડાઈવર્સિટી સેક્શન ગુજરાતની બાયોડાઈવર્સિટી (જૈવવિવિધતા)ની માહિતી આપે છે. ગુજરાત સાયન્સ સિટી દ્વારા મુલાકાતીઓને આ વિભાગમા ગુજરાતની બાયોડાઈવર્સિટી વિષે માહિતી રસપ્રદ જાણકારી આપવામાં આવી હતી.

સાયન્સ સિટીના નેચર પાર્ક ખાતે વાઈલ્ડ લાઈફ વીકની ઉજવણી અંતર્ગત મુલાકાતીઓને જંગલી જીવો અને તેમના રહેઠાણના સંરક્ષણ અને સંવર્ધન વિષે માહિતી આપવામાં આવી હતી. સાયન્સ સિટી ખાતેનો નેચરપાર્ક વિવિધ પક્ષીઓ, પતંગિયાઓ, છોડ તથા ઘણા નાના જંતુઓનું રહેઠાણ છે. મેમથ, ગ્રાઉન્ડ સ્લોથ, ટેરર બર્ડ, હેલ પીગ, સાબરટૂથ લાયન, સ્પોટેડ ડિયર, સ્લોથ બેર, લેપર્ડ, પાયથોન ,સાંબર, હાઈના જેવા પ્રાણીઓના સ્કલ્પ્ચર મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓને આ પ્રાણીઓ વિષે જાણવા માટે પ્રેરે છે. મુલાકાતીઓએ આઈ-મેક્સ થિયેટર ખાતે માનવી અને પ્રાણીઓ વચ્ચેના પ્રેમ, સમર્પણ અને અજોડ બંધન દર્શાવતા શો 'બોર્ન ટુ વાઈલ્ડ'નો પણ આનંદ માણ્યો હતો.

# ચિલોડા જંકશન મથકે છેલ્લા દોઢ માસથી સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં



ગાંધીનગર, તા.૩

જિલ્લાના મુખ્ય પ્રવેશ સમા ચિલોડા જંકશન મથક અને વિશાળ ઓવરબ્રીજ ધરાવતું સર્કલ મુખ્યત્વે નેશલ હાઈવે નંબર ૮ તથા અન્ય ધોરીમાર્ગથી જોડાયેલું છે ત્યારે છેલ્લા દોઢ માસથી સ્ટ્રીટલાઈટ આ વિસ્તારોમાં બંધ હાલતમાં છે. રાત દિવસ ધમધમતું મુખ્ય સ્થળે ચિલોડાથી નરોડા રીંગરોડ સુધી આવેલા હાઈવેને જોડતો ગામોમાં ઓવરબ્રીજ તથા ઓવરબ્રીજ પર બંને સાઈડે સ્ટ્રીટલાઈટોની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે પરંતુ ચિલોડા સર્કલથી ચિલોડા માર્કેટયાર્ડ તેમજ ચિલોડાથી મહુન્દ્રા જવાના માર્ગ પાસેના વિસ્તારમાં સ્ટ્રીટલાઈટો બંધ હોવાથી આ ધમધમતા પંથકમાં અંધારપટ છવાતા અનેક રાહદારીઓ, વાહનચાલકો તથા અસંખ્ય નાગરિકો ભારે હાલાકીમાં મુકાયા છે. તેથી આ અંગે તંત્ર સત્વરે મહત્વની બાબત ધ્યાનમાં લઈ લાઈટ સત્વરે નિયમિતપણે ચાલુ રહે અને સમસ્યાનો ઉકેલ થાય તેવી લોકોની તીવ્ર માંગણી અને લાગણી છે.

# ચુંટણીનો દિવસ છતાં પુસ્તક પરબમાં વાચકો ઉત્સાહથી જોડાયા

ગાંધીનગર, તા.૩

દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ અન્વયે ઓક્ટોબર મહિનાની પરબ તા. ૩જી ઓક્ટોબરના રોજ સેકટર - ૧૨માં બલરામ મંદિર ખાતે યોજવામાં આવી હતી. વડીલો, યુવાઓ - વિદ્યાર્થીઓ, બહેનોએ પોતાની પસંદગીના



પુસ્તક - મેગેઝિનનો લાભ લીધો હતો. આ પરબમાં ૫૦ પુસ્તકો અને ૯૭ મેગેઝિનની આવક અને ૫૫ પુસ્તકો અને ૨૦ મેગેઝિનની જાવક થઈ હતી. કુલ અંદાજે ૨૨૨ પુસ્તક - સામયિકોનું આદાન-પ્રદાન થયું હતું. લગભગ ૧૦૦ ભાવકોએ પુસ્તક પરબની મુલાકાત લીધી હતી. પુસ્તક પરબ ટીમના અને અન્ય સહયોગીઓ અશોકભાઈ ત્રિવેદી, કિશોર જિકાદરા, ગજેન્દ્રસિંહ વાઘેલા , પ્રજ્ઞા પટેલ, દક્ષાબેન ભાવસાર, કિશ્નરીબેન ત્રિવેદી, રણછોડભાઈ પરમાર, તાહિરભાઈ, સમીર શાહ વગેરેએ પોતાનું યોગદાન આપ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વ્યાસ છગનલાલ હરિશંકર, ઉ.વ. ૯૩, સેકટર-૪
- સ્વ. રાણા રમીલાબા નિર્મળસિંહ, ઉ.વ. ૪૫, ધણપ
- સ્વ. પંડયા ઘનશ્યામભાઈ ધનશંકર, ઉ.વ. ૬૦, વાવોલ
- સ્વ. પંડયા વસંતરાય ગૌરીશંકર, ઉ.વ. ૯૫, સેકટર-૨૩

# ગાંધીનગર ખાતે એરમાર્શલ વિક્રમસિંહે સ્વાકના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ તરીકે કાર્યભાર સંભાળ્યો

ગાંધીનગર, તા.૩

એરમાર્શલ વિક્રમસિંહ વિશિષ્ટ સેવા મેડલ, એ ૩જી ઓક્ટોબરના રોજ ગાંધીનગર ખાતે દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડ - સ્વાકના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ તરીકે કાર્યભાર સંભાળ્યો છે. એરમાર્શલ સંદીપસિંહ અતિ વિશિષ્ટ સેવા મેડલ વાયુ સેના મેડલ, ની નિયુક્તિ હવે વાઈસ ચીફ ઓફ એર સ્ટાફ તરીકે કરવામાં આવી હોવાથી તેમના સ્થાને વિક્રમસિંહ વીએસએમ એ આ કાર્યભાર સંભાળ્યો છે. એરમાર્શલે તેમના આગમન બાદ, યુદ્ધ સ્મારક ખાતે પુષ્પગુચ્છ અર્પણ કર્યો હતો અને ગાંધીનગર સ્વાક હેડક્વાર્ટર ખાતે તેમને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું.

એરમાર્શલે મે-૧૯૮૩માં બેંગલોરની ક્રિસ્ટ કોલેજમાંથી સ્નાતક કર્યુંછે અને ૨૧મી ડિસેમ્બર



૧૯૮૪ના રોજ ફાઈટર સ્ટ્રીમમાં તેમની નિયુક્તિ કરવામાં આવી હતી. એર ઓફિસર મિગ-૨૧ અને મિરાજ-૨૦૦૦ સહિતના વિવિધ અગ્રણી એરક્રાફટમાં પરિચાલન અને પ્રયોગાત્મક પરીક્ષણ ઉડાનનો બહોળો અને વૈવિધ્યપૂર્ણ અનુભવ ધરાવે છે. એરમાર્શલે ફ્લાઈંગ ઈન્સ્ટ્રક્ટરનો કોર્સ, પ્રયોગાત્મક ઉડાન પરીક્ષણનો કોર્સ કર્યો છે અને દક્ષિણ આફ્રિકાના પ્રેટોરિયા ખાતેથી સ્ટાફ કોર્સમાં સ્નાતક થયેલા છે. તેમણે રાષ્ટ્રીય ઉડાન પરીક્ષણ કેન્દ્ર સહિત વિવિધ પરીક્ષણ કેન્દ્રો પર ઉડાન પરીક્ષણ ફરજો નિભાવી છે. તેમણે પશ્ચિમી મોરચે એરફોર્સ સ્ટેશનનું સંચાલન કાર્ય પણ સંભાળ્યું છે. એરમાર્શલે એર હેડક્વાર્ટરમાં વિવિધ સ્ટાફ નિયુક્તિઓમાં સેવા આપી છે અને રશિયાના મોસ્કો ખાતે એર એટેચ રહી ચુક્યા છે. તેમણે એકીકૃત સંરક્ષણ સ્ટાફ હેડક્વાર્ટર્સ ખાતે પણ સેવા આપી છે અને એર હેડક્વાર્ટર્સ ખાતે આસિસ્ટન્ટ ચીફ ઓફ એર સ્ટાફ (પ્લાન્સ) હતા. એરમાર્શલે વર્તમાન નિયુક્તિ સંભાળી તે પૂર્વે પશ્ચિમી એર કમાન્ડમાં વરિષ્ઠ એર સ્ટાફ ઓફિસર તરીકે સેવા આપી રહ્યા હતા. તેમણે આપેલી વિશિષ્ટ સેવા બદલ, તેમને વિશિષ્ટ સેવા મેડલથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. એરમાર્શલે ડૉ. આરતીસિંહ સાથે લગ્ન કર્યા છે.

## જન્મદિને વધામણી



અંજનાબેન મહેશકુમાર રાવલ
મો. ૦૭૯-૨૩૨૩૩૦૬૭



ડો. જૈવિક મહેશભાઈ બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૮૫ ૯૯૮૬૧



કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬



દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯



શુભમ શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



હર્ષિલ હરેશકુમાર જોષી
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



શુભમ ચૌધરી



ઉમંગ પટેલ
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



જ્યોતિબેન શ્રેયાંશભાઈ કોઠારી